# પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ

ડૉ. રાજેશ આઈ. ભટ્ટ
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી , વલ્લભ વિદ્યાનગર, આણંદ

**સારાંશ**

વ્યક્તિત્ત્વમાં એવા કેટલાંક સ્થાયી લક્ષણો જે વ્યક્તિત્ત્વની ભિન્નતા સ્પષ્ટ કરે છે. વ્યક્તિત્ત્વ એ છે કે વ્યક્તિ આપેલ કે બનેલ પરિસ્થિતિમાં શું કરશે તે અંગેની આગાહી કરવાની ક્ષમતા આપે છે. વ્યક્તિનો અભ્યાસ કરતા પહેલાં વ્યક્તિની મનોશારીરિક રચનાઓનું ક્રિયાશીલ સંગઠન જે તેની પરિસ્થિતિ સાથેની સાનુકૂળતા નક્કી કરે છે. જેના અગત્યના અંગો વ્યક્તિના સમગ્ર જીવનમાં અને દેખીતા વર્તનમાં ભાગ ભજવતા હોય તે જાણવાથી તેને યોગ્ય માર્ગદર્શન આપી શકાય છે. પ્રત્યેક વ્યક્તિત્ત્વમાં શક્તિઓ, અભિયોગ્યતાઓ, વૃત્તિ, બુદ્ધિ અને અભિરૂચિ જેવી અનેક બાબતો કંઈક અને કંઈક અંશે ઓછા વત્તા પ્રમાણમાં જોવા મળતી હોય છે. તેથી કોઈપણ વ્યક્તિ વ્યક્તિત્ત્વ વિહોણી છે અથવા તેનામાં વ્યક્તિનો અભાવ છે. જેના હેતુઓ પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ કરવો, પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની જાતિ અને રહેઠાણના આધારે વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ કરવો અને પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરના વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવો. વ્યાપવિશ્વ તરીકે સંશોધકે પાવીજેતપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પસંદગી કરી હતી. ગ્રામ વિસ્તારની એક શાળા અને શહેરી વિસ્તારની એક શાળામાંથી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓની નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે. માહિતી એકત્રીકરણના ઉપકરણ તરીકે રેમન્ડ બી. કેટલ તથા મેરી. ડી. કેટલ રચિત અને આર. એન. ઠાકુર ગુજરાતીમાં રૂપાંતરણ વ્યક્તિત્ત્વ લક્ષણોની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી મળેલ માહિતીનો ધોરણ, જાતિ અને વિસ્તારના આધારે પૃથક્કરણ કરી સરાસરી, પ્રમાણવિચલન, t- કસોટી મૂલ્ય શોધેલ છે. જેના તારણો પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોમાં ધોરણ- ૧૨ના વિદ્યાર્થીઓનું વ્યક્તિત્ત્વ ધોરણ -૧૧ના વિદ્યાર્થીઓનું વ્યક્તિત્ત્વ કરતા ઉંચુ જોવા મળે છે, પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનું વ્યક્તિત્ત્વ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ કરતા ઉંચુ જોવા મળે છે અને પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓનું વ્યક્તિત્ત્વ છોકરીઓના વ્યક્તિત્ત્વ કરતા ઉંચુ જોવા મળે છે.

**પ્રસ્તાવના**

દરેક વ્યક્તિની જીવનશૈલી અલગ અલગ હોય છે અને આ જીવનશૈલીની ભિન્નતાને કારણે દરેક વ્યક્તિનું વ્યક્તિત્ત્વ વિશિષ્ટ પ્રકારનું હોય છે. વ્યક્તિત્ત્વ એટલે અન્ય પર પડતી છાપ કે પ્રભાવવ્યક્તિત્ત્વ એટલે સમાજ દ્વારા માન્ય અને અમાન્ય ગુણોની સમતુલા કહી શકાય. વ્યક્તિત્ત્વને સંબંધિત અભ્યાસની થોડા સમય પહેલા ઉપેક્ષા કરવામાં આવતી હતી, પરંતુ આજે મનોવિજ્ઞાનના સંશોધનો અને સંશોધકો માટે વ્યક્તિત્ત્વના વિવિધ પાસાંઓ પર વ્યાપક પ્રમાણમાં સંશોધન થવા લાગ્યા છે. વિદ્યાર્થીઓ પોતાના પ્રત્યેક જીવનમાં તેના કાર્યમાં કે નિર્ણયમાં વ્યક્તિત્વના પાસાને નિર્દશિત કે પ્રદર્શિત કરે છે. જુદા-જુદા પ્રસંગોમાં કે પરિસ્થિતિમાં થતા વ્યક્તિના વ્યવહાર દ્વારા વ્યક્તિનું વ્યક્તિત્ત્વ પ્રદર્શિત થતું હોય છે. જે વિદ્યાર્થીઓની પ્રગતિ માટે અગત્યની છે. જે વિદ્યાર્થીના લક્ષણોના અભ્યાસમાં ઉપયોગી થતું હોય છે. વ્યક્તિત્ત્વમાં એવા કેટલાંક સ્થાયી લક્ષણો જે વ્યક્તિત્ત્વની ભિન્નતા સ્પષ્ટ કરે છે. વ્યક્તિત્ત્વ એ છે કે વ્યક્તિ આપેલ કે બનેલ પરિસ્થિતિમાં શું કરશે તે અંગેની આગાહી કરવાની ક્ષમતા આપે છે. વ્યક્તિનો અભ્યાસ કરતા પહેલાં વ્યક્તિની મનોશારીરિક રચનાઓનું ક્રિયાશીલ સંગઠન જે તેની પરિસ્થિતિ સાથેની સાનુકૂળતા નક્કી કરે છે. જેના અગત્યના અંગો વ્યક્તિના સમગ્ર જીવનમાં અને દેખીતા વર્તનમાં ભાગ ભજવતા હોય તે જાણવાથી તેને યોગ્ય માર્ગદર્શન આપી શકાય છે.

વિદ્યાર્થીના વ્યક્તિત્ત્વ પર બાહ્ય અને આંતરિક પરિબળો અસર કરે છે. આંતરિક પરિબળો અને બાહ્ય જેમ કે, વારસાની અસર, શારીરિક રચનાની અસર, માનસિક યોગ્યતાની અસર, જૈવિક તત્વોનો પ્રભાવ, વિશિષ્ટ રસરૂચિ, પરિવારની અસર, ભૌતિક વાતાવરણની અસર, સામાજિક વાતાવરણની અસર, સાંસ્કૃતિક અસર, શાળાની અસર. આમ, વ્યક્તિત્ત્વને અસર કરતા પરિબળો ઓળખી તેને યોગ્ય દિશા આપવામાં આવે તો વ્યક્તિ પોતાના વ્યક્તિત્ત્વને નિખારી શકે છે.

પ્રત્યેક વ્યક્તિત્ત્વમાં શક્તિઓ, અભિયોગ્યતાઓ, વૃત્તિ, બુદ્ધિ અને અભિરૂચિ જેવી અનેક બાબતો કંઇક અને કંઇક અંશે ઓછા વત્તા પ્રમાણમાં જોવા મળતી હોય છે. તેથી કોઇપણ વ્યક્તિ વ્યક્તિત્ત્વ વિહોણી છે અથવા તેનામાં વ્યક્તિનો અભાવ છે તેમ કહી શકાય નહી અને આ વ્યક્તિત્ત્વના પાસાને આધારે અગાઉ થઇ ગયેલ સંશોધનના સારાંશ આ પ્રમાણે છે.

**રાઠોડ, વિજય આર., (૨૦૦૯),** એ આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરેલ, જેના હેતુઓ શહેરી તથા ગ્રામ વિસ્તારની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરવો, પ્રામાણિક થયેલા બાળકોના વ્યક્તિત્ત્વ માપન પ્રશ્નાવલિ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરવો જેવા હતા, જેના તારણો વ્યક્તિત્ત્વ લક્ષણોમાં ગ્રામ અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓના ધોરણ-૭ના છોકરાઓમાં સાર્થક તફાવત છે, વ્યક્તિત્ત્વ લક્ષણોમાં ગ્રામ અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓના ધોરણ-૭ની છોકરીઓમાં સાર્થક તફાવત છે, વ્યક્તિત્ત્વ લક્ષણ બાબતમાં ગ્રામ અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓના ધોરણ-૭ ના ૧૧ વર્ષના વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત છે તેમજ કસોટીમાં પૃથક્કરણ પરથી જોઇ શકાય છે કે, વ્યક્તિત્ત્વ લક્ષણ બાબતમાં ગ્રામ અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓના ધોરણ-૭ ના ૧૨ વર્ષના વિદ્યાર્થીઓમાં સાર્થક તફાવત છે.

**બેલદાર, જગદીશ પી., (૨૦૦૪),** એ માધ્યમિક શાળાના બિનપછાત વિદ્યાર્થીઓની સ્વસંકલ્પનાનો તેમના વ્યક્તિત્ત્વ લક્ષણોના સંદર્ભમાં અભ્યાસ કરેલ, જેના હેતુઓ માધ્યમિક શાળાના બિનપછાત વિદ્યાર્થીઓની ધોરણવાર તેમજ જાતિના સંદર્ભમાં સ્વસંકલ્પનાની કક્ષા નક્કી કરવી, માધ્યમિક શાળાના બિનપછાત વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોની તેમની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો, માધ્યમિક શાળાના બિનપછાત વિદ્યાર્થીઓની ધોરણવાર સ્વસંકલ્પનાની કક્ષા અને વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ કરવો જેવા હતા. આ અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ હતો, જેના તારણો માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-૮,૯ અને ૧૦ના બિનપછાત વિદ્યાર્થીઓની સ્વસંકલ્પનાની કક્ષા અને તેમની જાતિ વચ્ચે કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી, ધોરણ-૮ના બિનપછાત છોકરાઓ અને છોકરીઓના વ્યવક્તિત્વના લક્ષણોમાં સાર્થક તફાવત છે, ધોરણ-૮ના ઉચ્ચ સ્વ-સંકલ્પના ધરાવતા બિનપછાત છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વના લક્ષણમાં સાર્થક તફાવત જોવા મળતો નથી, ધોરણ-૮ના નીચી સ્વ-સંકલ્પના ધરાવતા બિનપછાત છોકરાઓ અને છોકરીઓ વચ્ચે લક્ષણોમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી.

**મોદી, ઈલા આર., (૧૯૯૨),** એ ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચાલતા છાત્રાલયો અને ઈત્તર છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વના પાસાઓનો તુલનાત્મક અભ્યાસ કરેલ, જેના હેતુઓ અમદાવાદ શહેરના ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચાલતા છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ પાસાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો, ધાર્મિક સંસ્થા દ્વારા ચાલતા છાત્રાલયોમાં રહેતા છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ પાસાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો, ઈત્તર છાત્રાલયોમાં રહેતા છોકરાઓના વ્યક્તિત્ત્વ પાસાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો, ધાર્મિક સંસ્થા દ્વારા ચાલતા છાત્રાલયોમાં અને ઈત્તર છાત્રાલયોમાં રહેતા છોકરાઓના વ્યક્તિત્ત્વ પાસાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો જેવા હતા, જેના તારણો ધાર્મિક સંસ્થા દ્વારા ચાલતા છાત્રાલયોમાં, છાત્રાલયોમાં રહેતા છોકરાઓના અને વ્યક્તિત્ત્વ માપનના ૧૬ પાસાંઓ પૈકી ૧૪ પાસાંઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી, ઈત્તર છાત્રાલયોમાં રહેતા છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વના ૧૬ પાસાંઓ પૈકી ૧૪ પાસાંઓના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી, ધાર્મિક સંસ્થા દ્વારા ચાલતા છાત્રાલયોમાં અને ઈત્તર છાત્રાલયોમાં રહેતા છોકરાઓના વ્યક્તિત્ત્વના ૧૪ પાસાંઓ પૈકી ૧૦ પાસાંઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી, ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચાલતા છાત્રાલયોમાં અને ઈત્તર છાત્રાલયોમાં રહેતી છોકરીઓના વ્યક્તિત્ત્વના ૧૬ પાસાંઓ પૈકી ૧૧ પાસાંઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**રાવલ, પ્રજ્ઞા સી., (૧૯૮૮),** એ અમદાવાદ શહેરના જુદા-જુદા વિસ્તારમાં આવેલી બે શાળાઓના ધોરણ ૫ થી ૭ ના ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા બાળકોના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરેલ, જેના હેતુઓ વિદ્યાર્થીઓની સિદ્ધિ અને વ્યક્તિત્ત્વના જુદા-જુદા લક્ષણોના સંબંધ જાણવા, ઉચ્ચ સિદ્ધિ ધરાવતા અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વના કયા લક્ષણો વિશેષ આગળ તરી આવે તે જાણવું. આ અભ્યાસમાં સ્તરિકૃત ઝુમખા આનુષાંગિક નમૂના પદ્ધતિ દ્વારા જુદા-જુદા વિસ્તારની શાળાઓમાંથી ૧૮૮ વિદ્યાર્થીઓ પસંદ કર્યા હતા. જેના તારણો ઉચ્ચ સિદ્ધિવાળા વિદ્યાર્થીઓ નિમ્ન સિદ્ધિવાળા વિદ્યાર્થીઓ કરતાં સામાજિક, મિલનસાર, બુદ્ધિક્ષમતા, શાળાકીય આવેગાત્મક સ્થિરતા, પરિપક્વતા, શાળાકીય નિયંત્રણ ધરાવનારા, નિરાડંબરી, નૈતિક કાયદાપાલક, પ્રામાણિક, પ્રગતિશીલ, આત્મવિશ્વાસુ, સ્વશક્તિમાન અને વિશ્વાસ રાખનાર છે, જાતિ તફાવત દૃષ્ટિએ ઉચ્ચ સિદ્ધિવાળા તેમજ નિમ્ન સિદ્ધિવાળા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ વચ્ચે ઘટકોમાં કોઈપણ જાતનો તફાવત જોવા મળ્યો નથી અને ઘટકોના પરિણામોમાં એકસૂત્રતા જોવા મળતી નથી.

**દોશી, નિલેશ જી., (૧૯૮૧),** એ અમદાવાદ શહેરની ધોરણ-૫,૬ અને ૭ની સામાન્ય શાળા અને બહેરા-મૂંગાની શાળાના બાળકોના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરેલ, જેના હેતુઓ અમદાવાદ શહેરની ધોરણ-૫,૬ અને ૭ની શાળામાં ભણતા સામાન્ય કક્ષાના બાળકોની વ્યક્તિત્ત્વના લક્ષણો તપાસવા, અમદાવાદ શહેરની બહેરા-મૂંગાની શાળામાં ભણતા બહેરા-મૂંગાની બાળકોના વય વ્યક્તિત્ત્વના લક્ષણો તપાસવા, અમદાવાદ શહેરની ધોરણ-૫,૬ અને ૭ની સામાન્ય અને બહેરા-મૂંગાની શાળામાં અભ્યાસ કરતા બાળકોના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરવો જેવા હતા. જેના તારણો ધોરણ - ૫ના સામાન્ય બાળકોના અને ધોરણ-૮ ના બહેરા-મૂંગા બાળકોના વ્યક્તિત્ત્વના લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત ધરાવે છે, ધોરણ-૬ના સામાન્ય બાળકોના અને ધોરણ-૯ ના બહેરા-મૂંગા બાળકોમાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે ૧૪ વ્યક્તિત્ત્વ લક્ષણોમાં સાર્થક તફાવત નજરે પડે છે, ધોરણ-૭ ના સામાન્ય બાળકોના અને ધોરણ-૧૦ ના બહેરા-મૂંગા બાળકોનાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે વ્યક્તિત્ત્વ લક્ષણોમાં સાર્થક તફાવત જોવા મળે છે.

**તિવારી, એસ. એન., (૧૯૭૭),** એ ધોરણ-૧૦ ના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરેલ, જેના હેતુઓ ગ્રામ અને શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ વિવિધ લક્ષણોની સરાસરીનો અભ્યાસ કરવો, ક્રાંતિક ગુણોત્તરની મદદથી ઉપર્યુક્ત સરાસરીની વિસ્તાર અને જાતિ પ્રમાણે સરાસરી કરવી, દિર્ધમાર્ગી વિચરણ પૃથક્કરણ દ્વારા જાતિ, વિસ્તાર અને તેમની આંતરક્રિયાની વ્યક્તિત્ત્વના લક્ષણો પરની અસર તપાસવી. આ અભ્યાસ ગોરખપુર વિસ્તારમાં આવેલી ગ્રામ અને શહેરી વિસ્તારની ધોરણ-૧૦ની ૨૦૦ છોકરીઓ અને ૩૦૦ છોકરાઓ મળી કુલ ૫૦૦ નમૂના તરીકે પસંદ કરવામાં આવેલા હતા. જેના તારણો બુદ્ધિની બાબતમાં છોકરીઓ કરતાં છોકરાઓ તેમજ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ચઢિયાતા જણાતા હતા, શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની બુદ્ધિની કક્ષા પ્રાપ્તાંકોની સરાસરી વિનયન વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ કરતાં સાર્થક રીતે ઊંચી છે, છોકરાઓ અનુકૂલનમાં છોકરીઓ કરતાં ચઢિયાતા છે.

કોઈપણ અભ્યાસ પોતાની રીતે એક આગવી અગત્યતા ધરાવતો હોય છે. કોઈપણ વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીથી અનેક રીતે જુદા પડતા હોય છે. શાળાઓમાં બાળકો શક્તિઓ અને રસની બાબતમાં મોટા પ્રમાણમાં એકબીજાથી અલગ પડે છે. વિદ્યાર્થીઓમાં રહેલા વ્યક્તિત્ત્વના વિકાસને ઓળખવામાં શિક્ષક સફળ થાય તો જ શિક્ષણની પ્રક્રિયા વડે વિદ્યાર્થીઓનું સારી રીતે ઘડતર થઇ શકે છે. વિદ્યાર્થીઓમાં રહેલા વ્યક્તિત્ત્વને ખીલવવા માટે તેમજ ચોક્કસ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે યોગ્ય માર્ગદર્શન આપી શકાય છે, શિક્ષણની પ્રક્રિયામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઉપયોગી બનાવી શકાય છે, જે વર્ગશિક્ષક માટે ઉપયોગી થશે. વર્ગ શિક્ષકને શિક્ષણ કાર્ય દરમિયાન કાર્યને લગતા પ્રશ્નો ઉકેલવા ઉપયોગી બનશે તેમજ શિક્ષણક્ષેત્ર સાથે સંશોધક સંકળાયેલા હોવાથી અને વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણો વિશે વધુ માહિતી મેળવવા માટે સંશોધક દ્વારા આ વિષયને પસંદ કરવામાં આવ્યો છે.

## સમસ્યા વિધાન

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ
A Study of Personality Traits of Higher Secondary School Students of PaviJetpur Taluka

## હેતુઓ

- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ કરવો.
- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની જાતિ અને રહેઠાણના આધારે વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ કરવો.
- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરના વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવો.

## ઉત્કલ્પનાઓ

$Ho_1$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_5$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## સંશોધન યોજના

### વ્યાપવિશ્વ અને નમૂના

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોનો અભ્યાસ કરવાનો હોવાથી, વ્યાપવિશ્વ તરીકે સંશોધકે પાવીજેતપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પસંદગી કરી હતી. ગ્રામ વિસ્તારની એક શાળા અને શહેરી વિસ્તારની એક શાળામાંથી ૧૪૦ ગ્રામ અને ૧૬૦ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ, ૧૫૦ છોકરાઓ અને ૧૫૦ છોકરીઓ તેમજ ધોરણ-૧૧ના ૧૫૦ અને ધોરણ-૧૨ ના ૧૫૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આમ, કુલ ૩૦૦ વિદ્યાર્થીઓની નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે.

## સાધનો

રેમન્ડ બી. કેટલ તથા મેરી. ડી. કેટલ રચિત અને આર. એન. ઠાકુર ગુજરાતીમાં રૂપાંતરણ વ્યક્તિત્ત્વ લક્ષણોની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રશ્નાવલીમાં કુલ ૧૪૨ પ્રશ્નોનો સમાવેશ કરેલ છે. આ પ્રશ્નાવલીમાં બાળકો કેવું વર્તન કરે છે અને કેવી લાગણી, અભિરૂચિ ધરાવે છે તે પારખવાના કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા છે.

## માહિતી વિશ્લેષણની પદ્ધતિ:

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી મળેલ માહિતીનો ધોરણ, જાતિ અને વિસ્તારના આધારે પૃથક્કરણ કરી સરાસરી, પ્રમાણવિચલન, t - કસોટી મૂલ્ય શોધેલ છે.

## પરિણામ

$Ho_1$: પાવીજેતપુર તાલુકામાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી - ૧**

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t - મૂલ્ય

| વ્યક્તિત્ત્વ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| ધોરણ - ૧૧ | ૧૫૦ | ૬૬.૯૯ | ૧૧.૧૨ | ૩.૬૨ |
| ધોરણ - ૧૨ | ૧૫૦ | ૭૧.૭૦ | ૧૧.૪૩ | |

સારણી-૧ પરથી, સ્વાતંત્ર્ય સંખ્યા = ૨૯૮ આગળ ટેબલ મુલ્યો ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૧.૯૬ અને ૨.૫૮ છે. અહીં નું ગણતરી વડે મેળવેલું મુલ્ય ૩.૬૨ છે, જે ટેબલ મુલ્ય કરતા વધુ હોવાથી ઉત્કલ્પના - ૧ નો અહી અસ્વીકાર થાય છે. બે સરાસરી વચ્ચેનો તફાવત ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના પ્રાપ્તાંકોની સરાસરી ધોરણ -૧૧ના વિદ્યાર્થીઓ કરતા વધારે છે.

$Ho_2$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી - ૨**

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણો પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t - મૂલ્ય

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| ગ્રામ | ૧૪૦ | ૬૨.૫૪ | ૧૦.૪૫ | ૧૧.૩૬ |
| શહેરી | ૧૬૦ | ૭૫.૩૦ | ૮.૭૭ | |

સારણી-૨ પરથી, સ્વાતંત્ર્ય સંખ્યા = ૨૯૮ આગળ ટેબલ મુલ્યો ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૧.૯૬ અને ૨.૫૮ છે. અહીં ગણતરી વડે મેળવેલ મુલ્ય ૧૧.૩૬ છે, જે ટેબલ મુલ્ય ૦.૦૧ કરતાં વધુ હોવાથી ઉત્કલ્પનાનો - ૨ નો અહીં અસ્વીકાર થાય છે. પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્ત્વ લક્ષણોના પ્રાપ્તાંકોની સરાસરી ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં વધારે છે.

$Ho_3$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી - ૩**

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t - મૂલ્ય

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| છોકરાઓ | ૧૫૦ | ૭૧.૧૫ | ૧૦.૧૩ | ૨.૭૪ |
| છોકરીઓ | ૧૫૦ | ૬૭.૫૫ | ૧૨.૫૦ | |

સારણી-૩ પરથી, સ્વાતંત્ર્ય સંખ્યા = ૨૯૮ આગળ ટેબલ મુલ્યો ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૧.૯૬ અને ૨.૫૮ છે. અહીં ગણતરી વડે મેળવેલ મુલ્ય ૨.૭૪ છે, જે ટેબલ મુલ્ય ૦.૦૫ કરતા વધુ હોવાથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો છોકરીઓ કરતાં વધારે છે.

$Ho_4$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી - ૪**

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્વ લક્ષણોના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t - મૂલ્ય

| શહેરી વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| છોકરાઓ | ૮૦ | ૭૩.૯૧ | ૯.૧૮ | ૨.૦૨ |
| છોકરીઓ | ૮૦ | ૭૬.૬૯ | ૮.૧૬ | |

સારણી-૪ પરથી, સ્વાતંત્ર્ય સંખ્યા = ૧૫૮ આગળ ટેબલ મુલ્યો ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૧.૯૬ અને ૨.૫૮ છે. અહીં ગણતરી વડે મેળવેલું મુલ્ય ૨.૦૨ છે, જે ટેબલ મુલ્ય ૦.૦૫ કરતા વધુ હોવાથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓના વ્યક્તિત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો છોકરીઓ કરતાં વધારે છે.

$Ho_5$: પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી - ૫**

પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્વ લક્ષણોના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t - મૂલ્ય

| ગ્રામ વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| છોકરાઓ | ૭૦ | ૬૭.૯૯ | ૧૦. ૩૧ | ૭.૨૧ |
| છોકરીઓ | ૭૦ | ૫૭.૧૦ | ૭.૩૧ | |

સારણી-૫ પરથી, સ્વાતંત્ર્ય સંખ્યા = ૧૩૮ આગળ ટેબલ મુલ્યો ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૧.૯૬ અને ૨.૫૮ છે. અહીં ગણતરી વડે મેળવેલું મુલ્ય ૭.૨૧ છે, જે ટેબલ મુલ્ય ૦.૦૧ કક્ષા કરતાં વધુ હોવાથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ વિસ્તારના છોકરાઓના વ્યક્તિત્વ લક્ષણોના સરાસરી પ્રાપ્તાંકો છોકરીઓ કરતા વધારે છે.

### તારણો

- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વ લક્ષણોમાં ધોરણ- ૧૨ના વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ ધોરણ -૧૧ના વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ કરતા ઉંચુ જોવા મળે છે.
- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વ લક્ષણોમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ કરતા ઉંચુ જોવા મળે છે.
- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓનું વ્યક્તિત્વ છોકરીઓના વ્યક્તિત્વ કરતા ઉંચુ જોવા મળે છે.
- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના છોકરાઓનું વ્યક્તિત્વ છોકરીઓના વ્યક્તિત્વ કરતા ઉંચુ જોવા મળે છે.
- પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના છોકરાઓનું વ્યક્તિત્વ કરતાં છોકરીઓનું વ્યક્તિત્વ કરતા ઉંચુ જોવા મળે છે.

### સૂચનો

પ્રસ્તુત સંશોધનમાં ઉપરોક્ત તારણો ધ્યાનમાં રાખી પાવીજેતપુર તાલુકાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ લક્ષણોના વિકાસ માટે નીચે દર્શાવેલ બાબતોનું સૂચન કરવામાં આવે છે.

- વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય હાથ ધરવું જોઇએ.
- વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે દરેકને રસ, રુચિ, અભિયોગ્યતા પ્રમાણે પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવું જોઇએ.
- વિદ્યાર્થીઓના સારા વ્યક્તિત્વ વિકાસ માટે શિક્ષકોએ પુસ્તકીય જ્ઞાનની સાથે સાથે વ્યવહારું જ્ઞાન પણ આપવું જોઇએ.

- વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વથી તેમના મા-બાપને પરિચિત કરવા જોઇએ, જેથી મા-બાપ જરૂરી સલાહ-સૂચન દ્વારા બાળકમાં વ્યક્તિત્ત્વ સુધારાના પ્રયાસ કરી શકે.
- વિદ્યાર્થીઓમાં સારા વ્યક્તિત્ત્વ લક્ષણોના વિકાસ માટે શિક્ષક દ્વારા વિવિધ સંતો, મહાપુરૂષોના પરિચય કરાવવો જોઇએ જેથી વિદ્યાર્થીઓ સારા પાસાંઓને ગ્રહણ કરી શકે.

## ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા ઉદ્‌ભવથી લઇ સંશોધનમાં તારણો સુધીની તમામ બાબતોને આવરી લેવામાં આવી છે. આ સંશોધન માટે સંશોધકે સમસ્યા સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરી તેના આધારે માર્ગદર્શન મુજબ યોગ્ય ઉપકરણ લેવામાં આવ્યું. મેળવેલ માહિતીનું વર્ગીકરણ કરી તેનું અર્થઘટન કરવામાં આવ્યું અને તેના આધારે યોગ્ય તારણો તારવવામાં આવ્યા છે.

## સંદર્ભ

૧. Brog, W.R. & M.D. Gall, (1983), Education, Research An Introduction4 Longman, New York P. 147.
૨. તિવારી, એસ. એન., (૧૯૭૭), ધોરણ - ૧૦ ના છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ, અમદાવાદઃ અપ્રકાશિત એમ. એડ્. લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૩. દેસાઇ, એચ. જી. અને દેસાઇ કે. જી. (૧૯૯૭), સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૪. દોશી, નિલેશ જી., (૧૯૮૧), અમદાવાદ શહેરની ધોરણ - ૫, ૬, ૭ની સામાન્ય શાળા અને બહેરા-મૂંગાની શાળાના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ, અપ્રકાશિત એમ. એડ્. લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૫. પારેખ, બી. યુ. અન ત્રિવેદી એમ. ડી, શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૬. વોલેરા, ફાધર (૧૯૮૩) વ્યક્તિત્ત્વ ઘડતર, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
૭. બેલદાર, જગદીશ પી., (૨૦૦૪), માધ્યમિક શાળાઓના બિનપછાત વિદ્યાર્થીઓની સ્વસંકલ્પનાઓનો તેમના વ્યક્તિત્ત્વ લક્ષણોના સંદર્ભમાં અભ્યાસ, અમદાવાદઃ અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૮. મોદી, ઇલા આર., (૧૯૯૨), ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચાલતા છાત્રાલયો અને ઇતર છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વના પાસાઓનો તુલનાત્મક અભ્યાસ, અમદાવાદઃ અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ગુજરાતયુનિવર્સિટી, અમદાવાદ.
૯. રાઠોડ, વિજય આર., (૨૦૦૯), આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ, સરદાર પટેલ યુનિવર્સિટી,
૧૦. રાવલ, પ્રજ્ઞા સી., (૧૯૮૮), અમદાવાદ શહેરના જુદા-જુદા વિસ્તારમાં આવેલી બે શાળાઓના ધોરણ ૫ થી ૭ ના ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા બાળકોના વ્યક્તિત્ત્વના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ, અમદાવાદઃ અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૧૧. શાહ, ગુણવંત બી. અને કુલીન પંડ્યા, (૧૯૮૯), શૈક્ષણિક મનોવિજ્ઞાન, ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.